વૈવિધ્ય

હવે બની રહ્યાં છે સ્માર્ટ હોમ્સ..!

સ્માર્ટ ફોન, સ્માર્ટ ટેલિવિઝન અને સ્માર્ટ જીવનશૈલી આવી ગઈ તો પછી આપણું ઘર તેમાં પાછળ કેવી રીતે રહી જાય? હા, તમે બરાબર સમજ્યાં. હવે ઘર પણ સ્માર્ટ બની ગયાં છે. આજકાલ, ઘરમાં સ્માર્ટ સેન્સર્સ લગાવવાનો ટ્રેન્ડ ઘણો લોકપ્રિય થઇ રહ્યો છે. ઘરમાં આગ લાગવાની શરૂઆત થઇ હોય કે ઘરનો દરવાજો ખુલ્લો રહી ગયો હોય તેવી પરિસ્થિતિમાં આ સ્માર્ટ સેન્સર્સ કામ કરે છે અને આપણને જે તે પરિસ્થિતિથી અવગત કરે છે. જેથી જાનમાલનું કોઈ મોટું નુકસાન કે જાનહાનિ ન થાય. તો જોઈએ ઘરમાં લગાડી શકાય તેવાં સ્માર્ટ હોમ સેન્સર્સ ...

ફાયર ડીટેક્શન

આગ તમારા પરિવાર અને ઘરને મોટું નુકસાન પહોંચાડી શકે છે પરંતુ મુશ્કેલી એ હોય છે કે આગને લીધે જે કાર્બનડાયોક્સાઈડ ઉત્પન્ન થાય છે તેની કોઈ વાસ હોતી નથી એટલે આગને તુરંત પકડવી મુશ્કેલ બની જાય છે. આવા સમયે ફાયર ડીટેક્શન સેન્સર આશીર્વાદરૂપ બની જાય છે. તે હવામાં રહેલા કાર્બનડાયોક્સાઈડના પ્રમાણને માપે છે અને જો તે જોખમી સ્તરે હોય તો તરત અલાર્મ વગાડે છે જેથી તે ઘરમાંની વ્યક્તિઓને ચેતવણી આપી શકે.

બારીબારણાં પર સેન્સર

બારીબારણાં પર લગાવેલાં સેન્સર તમારા ઘરમાં જ્યારે પણ કોઈ પ્રવેશ કરે કે ઘરમાંથી બહાર જાય ત્યારે અલાર્મથી સૂચિત કરે છે અથવા તો લાઈટ્સ ઓન અને ઓફ કરે છે. ઘરમાં ક્યારેક ચોર ઘુસવાનો પ્રયાસ કરે અને બારી કે ઘરના લોક તોડે ત્યારે આ સેન્સર સુરક્ષાની દ્રષ્ટિએ ઘણા ફાયદાકારક રહે છે. તે તમને ફોન પર ચેતવણીનો મેસેજ મોકલે છે અથવા અલાર્મ પણ વગાડી શકે છે. જેના કારણે તમે સમયસર મદદ માંગી શકો.

વિડિયો ડોર બેલ

આ સેન્સર પણ ચોરી રોકવામાં મદદરૂપ થાય છે. તમારા ઘરના દરવાજા પર જે આવ્યું હોય તેને તમે તમારા ઘરની અંદર મૂકેલા ડિસ્પ્લે કે ફોન પર જોઈ શકો છો. તમે ઘરમાં એકલા હો કે પછી ઘરથી દૂર ત્યારે ડોર બેલ પર લગાવેલાં વિડિયો સેન્સર્સને કારણે તમે ઘરના પ્રવેશદ્વાર પર કોણ આવ્યું છે તે જોઈ શકો છો. આ સાથે બારીબારણાં પર અલાર્મ સેન્સર પણ જો લગાવી દેવામાં આવે તો ચોર તમારા ઘરથી દૂર જ રહેશે.

સ્માર્ટ થર્મોસ્ટેટ

સ્માર્ટ થર્મોસ્ટેટ ઘરમાં ઠંડક અને ગરમી પર નિયંત્રણ રાખવામાં મદદરૂપ થાય છે. તમે ઘરમાં હો કે ઘરની બહાર, તમે કોઈ પણ જગ્યાએથી તેને ઓપરેટ કરી શકો છો. તે ઘરની અંદર અને બહારના તાપમાન અને ભેજનું નિરીક્ષણ કરીને તે પ્રમાણે ઘરનું તાપમાન સેટ કરે છે અને આ રીતે એનર્જી સેવ કરવામાં પણ મદદ કરે છે. સ્માર્ટ થર્મોસ્ટેટ તમારા વર્તન અને ઉપયોગના આધારે રૂમનું તાપમાન સેટ કરે છે. વળી જ્યારે રૂમમાં કોઈ ન હોય ત્યારે એનર્જી સેવ મોડ પર જાતે જ જતું રહે છે.

મોશન સેન્સર્સ

મોશન સેન્સર્સ તમે ઘરમાં ન હો ત્યારે ઘરના જેતે ભાગમાં મોશન શોધી કાઢે છે. એક રીતે તે ઘરના ચોકીદાર તરીકેનું કામ કરે છે. ઘરમાં કોઈ હિલચાલ થતી હોય કે બારી કે બારણાં ખોલવામાં આવ્યાં હોય તો તે તરત ચેતવણી આપે છે. તે તમારા ઘરમાં અનિચ્છનીય પ્રવૃત્તિ થતી અટકાવવામાં મદદ કરે છે. મોશન સેન્સર ઊર્જા બચાવવા માટે પણ ઉત્તમ છે. આ સેન્સરને લાઈટીંગ અથવા થર્મોસ્ટેટ સાથે જોડીને રૂમની જરૂરિયાત પ્રમાણે કામ કરે છે. જેમ કે, જો રૂમમાં કોઈ ન હોય તો તે લાઈટ બંધ કરી દેશે અથવા રૂમ ખાલી હોય ત્યારે તે પ્રમાણેનું તાપમાન કરી દેશે જેથી એનર્જીની બચત કરી શકાય. મોશન સેન્સરને વિડિયો સાથે પણ જોડી શકાય જેથી ઘરમાં કોઈ ખરાબ ઈરાદાથી આવ્યું હોય તો તેનો ફૂટેજ મેળવી શકાય છે.

સ્માર્ટ ગેરેજ ડોર

વાઈ -ફાઈ થી જોડેલું સ્માર્ટ ગેરેજ ડોર તમારા મનને શાંતિનો અનુભવ કરાવે છે કારણ કે તમે કોઈ પણ જગ્યાએથી તમારા ફોન દ્વારા ગેરેજનો દરવાજો ખોલી કે બંધ કરી શકો છો.

ઈન્ટરકોમ અથવા હબ

તમે સ્માર્ટ હોમ બનાવવા માટે ઘરમાં સેન્સર્સ તો લગાડી દીધાં છે પણ હવે તમારે તમારા ફોન પરના એક બટનથી જ બધું ઓપરેટ કરવું હોય ત્યારે ઈન્ટરકોમ કે હબ કામ લાગે છે. તે તમારા ઘરનાં બધાં સેન્સર્સ વચ્ચે એક કોમ્યુનિકેશન ઊભું કરે છે જેનાથી તમે કટોકટીના સમયે કે જરૂર પડ્યે તમારા ફોન દ્વારા જ બધું ઓપરેટ કરી શકો છો. ઈન્ટરકોમ સિસ્ટમ દ્વારા તમે એક રૂમમાંથી બીજા રૂમમાં વિડિયો કોલ કરીને વાત કરી શકો છો અથવા તમે ઘરથી દૂર હો ત્યારે પણ આ સીસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. એકલાં રહેતાં વૃદ્ધ માતાપિતાનું ધ્યાન રાખવા માટે આ સિસ્ટમ આશીર્વાદરૂપ છે.